श्रीकृष्णपरमात्माना परमभक्त.

શેઠ. સગાળશાહ આખ્યાન.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ચોકશી અમરતલાલ જમનાદાસ.

સાંકડીશેરી—અમદાવાદ.

રીચીરોડની સડક ઉપર શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.
અમદાવાદ.

કીંમત ૦—૨—૦

શ્રી નવીન.

શ્રીકૃષ્ણપરમાત્માના પરમ ભક્ત.

શેઠ સગાળશાહ

આખ્યાન.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

ચોકશી અમૃતલાલ જમનાદાસ.

અમદાવાદ.

આવૃત્તિ પહેલી—પ્રત ૨૦૦૦.

રીચીરોડની સડક ઉપર આવેલા શ્રી જૈન વિદ્યાવિજય
પ્રેસમાં શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

અમદાવાદ.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૧

કીંમત ૦—૨—૦



ગુરૂ દત્તાત્રય.

ઈશ્વર સ્તુતિ.

રાગ કલ્યાણ.

નામું શીષ, નામું શીષ, પા......યે......હું.
દુઃખ હરનારા, સુખ કરનારા;
 ભક્ત વહાર ચઢનારા......નામું.
દીન દયાળા, પ્રાણ આધારા;
 અવિચળ પદ દેનારા......નામું.
ચરીત્ર તમારૂં, આજ ઉચ્ચારૂં;
 મન થકી હર્ષેજ ધારૂં......નામું.
અરજ અમારી, મન ઉતારી;
 અમૃતને લ્યો ઉગારી......નામું.



શેઠ સગાળશાહ આખ્યાન.

કવી— **દોહરો.**

શ્રેષ્ટ દાનમાં દાન તે, અન્નદાન કહેવાય;
બાકી બીજા દાનનું, લેખું નવ ગણાય.

એક સમયે નારદ મુની ફરતા ફરતા જ્યાં શ્રી કૃષ્ણ પરમાત્માનાં મુખ્ય પટરાણી લક્ષ્મીજી બિરાજ્યાં હતાં ત્યાં આવી ચઢ્યા.

લક્ષ્મિજી નારદજીને જોઇ ઉભા થયાં અને કહેવા લાગ્યાં:—
પધારો મહારાજ આજ કાંઇ ઘણા દિવસે આપનાં પગલાં !

નારદજી—કાંઈ નહીં માતુશ્રી સહેજજ ફરતો ફરતો વળી અહીં આવી ચઢયો કે ચાલો આજે ભક્તવત્સલ ભગવાનનાં દરશન કરી પાવન થઇએ પણ શ્રી કૃષ્ણ પરમાત્મા તો દેખાતાજ નથી, આજે કયાં પધાર્યા છે દીનબંધુ ?

લક્ષ્મીજી—હમણાં આવતા હશે એમને આવવાનો સમય થવા આવ્યો છે, પણ ભક્તવત્સળ એ શું! કેમ કાંઇ મારા કરતાં એમને ભક્ત વિશેષ વહાલા હશે ?

નારદજી—હા માતુશ્રી, આપના કરતાં એમને ભક્ત વિશેષ વહાલા છે, કેમકે ભક્તના માથે અસંખ્ય સંકટ પડવા છતાં પોતાનો ટેક મુકતા નથી અને તેમની ભક્તિ કર્યાજ કરેછે. પધારજો, માતુશ્રી હું રજા લઉ છું;

એમ કહી નારદ મુની ત્યાંથી ચાલતા થયા.

કવિ— **મરાઠી સાખી.**

નારદ વચન સુણી લક્ષ્મીને, રીસ ઘણેરી આવી;
આવે મુરલીધર મુજ મંદીરે, પૂછી લઉં સમજાવી.
જુએ કૃષ્ણની વાટ, મનમાંહી થયો બહુ ઉચાટ,—જુએ૦

નારદજીનાં વચન સાંભળી લક્ષ્મીજીને જેમ અગ્નિમાં ધૃત હોમવાથી ભડકો થાય છે તે પ્રમાણે થવા લાગ્યું અને મનમાં વિચાર કરવા લાગ્યાં કે આજે જ્યારે શ્રીકૃષ્ણપરમાત્મા પધારે કે તેમને પૂછીને ખાત્રી કરૂં કે તમોને વહાલામાં વહાલું કોણ ?

લક્ષ્મીજી આ પ્રમાણે મન સાથે વિચાર કરે છે તેવામાં ત્યાં શ્રીકૃષ્ણપરમાત્માની પધરામણી થઇ.

કૃષ્ણ—કેમ આજે કાંઇ વિચારસાગરમાં ગુંચાયાં લાગો છો ? શું વિચાર કરો છો, આજે કાંઇ મોં ચડેલું લાગે છે ખરૂં.

લક્ષ્મીજી—કાંઇ નહીં કૃપાનાથ, મારે શીર આપ જેવા પતી છે તો પછી વિચાર શાના હોય, પણ આજ મારા મનમાં જ......શે ..

કૃષ્ણ—જરા એ શું કેમ બોલતાં બોલતાં ખચકાઓ છો, જે હોય તે કહો; કોઈ દિવસ નહી ને આજે આટલું બધું શું છે (કાંઇ નારદજી આવી ગયા લાગે છે ખરા).

લક્ષ્મીજી—મારા મનમાં આજે જરા શંકા ઉત્પન્ન થઈ છે તેનું આપ નીવારણ કરશો અને જો મારા બોલવામાં આપને કાંઇપણ દોષ લાગે તો આપની દાશી જાણી ક્ષમા આપશો, કૃપાનાથ હું આપને એટલું પૃછુ છું કે તમોને વહાલામાં વહાલું કોણ, તે જરા કૃપા કરીને કહેશો.

કૃષ્ણ—મને મારા પ્રાણથી વિશેષ આખી સૃષ્ટિની અંદર ભક્ત વહાલા છે, અને સંકટ પડે હું તેમનેજ સહાય કરૂં છું.

પાટણના નૃપ—એ રાગ.

ભક્ત મારા નથી તનથી ન્યારા,
મુજ હૈયાના હાર;
સોંપું હું તેના માટે પ્રાણ,
મન માંહી તું નીશ્ચે જાણ;
ભક્તથી પામુ જગમાં માન,
કરૂં શું મુખ થકી વીસ્તાર. ભક્ત.
ભમું તે માટે રાત ને દન,
જમું નહીં ભક્ત વિયોગે અન્ન;
કર્યું મેં તન મન ધન અર્પણ,
ભક્ત મુજ પ્રાણતણા આધાર. ભક્ત.
જપું હું ભક્ત ભક્તને ભક્ત,
ભક્ત વીણ સુનું ભાણું જગત;

ભોગવું ભક્ત પ્રતાપે તેમ,
ભક્ત મુજ શીરોમણી સરદાર. ભક્ત.

હું ભક્તનું શું વર્ણન કરૂં જેટલું કરૂં તેટલું ઓછું છે (આ રાજ ભોગવું છું તે પણ ભક્તના પ્રતાપેજ ભોગવું છું) આ પ્રમાણે શ્રીકૃષ્ણપરમાત્માનું વચન સાંભળી લક્ષ્મીજી કહેવા લાગ્યાં.

લક્ષ્મીજી— રાગ ઉપરનો.

વાહરે વાહ પ્રભુ નંદલાલા,
પુરૂષોત્તમ પુરણકામ;
હવે મેં જોયું આપનું વહાલ,
શામળા ઠીક મચાવો તાલ.
જાણ્યા મેં કૃષ્ણ નંદનાલાલ,
આજથી લેશો નહી મુજ નામ. વાહરે.
અરે લટકાળા ચીતના ચોર,
મુખે શું કાઢો વેણ કઠોર;
ઠગી શું મુજને નંદકીશોર,
કદી પગ દેશો નહીં મુજ ધામ. વાહરે.
જોઈ મે આપની અવળી રીત,
છેતરી ચોરી લીધું ચીત;
મુખથી ખોટી બતાવો પ્રીત,
હવે શું રહ્યું મારૂં કામ. વહારે.

જ્યારે તમોને ભક્ત વહાલા છેતો પછી મારૂં શું કામ રહ્યું.

(એમ કહી લક્ષ્મીજીએ રીસાઇને ત્યાંથી ચાલવા માંડ્યું.)

કૃષ્ણ—આમ રીસાયે શું વળવાનું છે, હૈયાના હાર, અને આંખ્યોના તારા તો મારા ભક્ત વિના બીજુ કોઇ નથી, ભક્તના દુઃખે દુઃખી અને ભક્તના સુખે સુખી, મારૂં તન, મન ને ધન તે મારો ભક્ત છે.

(લક્ષ્મીજી મનમાં–જો અત્યારે શ્રીકૃષ્ણપરમાત્મા કોઇ ભક્તનું નામ બતાવે તો હું હાલને હાલ જઇ તેનો ટેક ચૂકાવું, અને વહાલામાં વહાલું કોણ તે બતાવી આપું.)

લક્ષ્મીજી—કૃપાનાથ જ્યારે આટલી બધી ભક્તની બડાઈ મારો છો અને મુખથી મારો ભક્ત વહાલો, મારો ભક્ત વહાલો કરી રહ્યા છો, તો એવા કેવા તમારા ભક્ત છે તે જરા કૃપા કરીને બતાવશો ? હું જોઉ તો ખરી કે કેવી તમારી ભક્તિ કરે છે.

કૃષ્ણ—

ગિતી.

મૃત્યુ લોકને વિશે, ભક્ત મારો છે સગાળશા નામે;
ટેકજ પ્રીતે પાળે, ભક્તિ કરે છે સદા આઠ જામે.

મૃત્યુ લોકને વિશે શેઠ સગાળશા નામનો મારો પરમભક્ત છે જેને એવો નિયમ છે કે પહેલાં સાધુને જમાડીને પછી ભોજન લેવું, એના જેવો બીજો કોઈ ટેક પાળવાવાળો નથી. આહાહા! શું એની ભક્તિ અને ટેક! ધન્ય છે એને!!

લક્ષ્મીજી—બસ, હવે અતિશે ભકતનાં વખાણ કરવાં રહેવા દયો, હું હાલને હાલ જાઉ છું, એનો ટેક તોડી નાંખું અને ભક્તિ વિછોડી નાખું.

રાગ ઈંગ્રેજી.

અસ--જોઉં છું હારે, કરૂં બે હાલ, આજ થકી કદી છોડું ન છાલ;
લાગી છે જ્વાળ, તન મોઝાર, જઈ કરૂં એને હું પાયમાલ.
તોડું જઈ એના ટેકનો તાર, ભટકતો કરૂં વન મોઝાર; (૨)
ટેક ચુકાવું હું, ભાન ભૂલાવું હું, ભલભલાનો ઉતારૂં અહંકાર—અસ૦

કૃષ્ણ—

મરાઠી સાખી.

ભક્ત મારો છે પ્રાણથી પ્યારો, ચૂકે નહીં કદી ટેક;
સકળ સૃષ્ટિ ત્રણ લોકને વિશે, સગાળશા છે એક.
કદી ચૂકે ન સત્ય, હાથે કરી ખોઇ બેસશો પત્ય.—કદી૦

મારા ભક્તને નાહક શા માટે હેરાન કરવા ધારો છો, પાણી વલોવે માખણ નીકળતું નથી, કોઠી ધોયે જેમ કાદવ નીકળતો નથી, તેમ ગમે તેટલો મારા ભક્તનો ટેક ચૂકાવવા પ્રયત્ન કરશો પણ બધું નીષ્ફળ. કદી પોતાનો ટેક નહીં ચૂકે, નહીં ચૂકે ને નહીંજ ચૂકે.

લક્ષ્મીજી—એનો ટેક ચૂકાવું અને તમારા મુખે કહેવરાવું કે મારે વહાલામાં વહાલા ભગત નહીં પણ તમો બસ ચાલો ઉતાવળ કરો; ઢીલ ન કરો, જેમ જેમ વખત જાય છે તેમ તેમ તનમાં અગ્નિ સળગતો જાય છે.

કૃષ્ણ (મનમાં)—લક્ષ્મીજીના મનમાં અહંકાર આવ્યો તે મારે ઉતારવો જોઇએ. (જોઉં તે શી રીતે ટેક ચૂકાવવા પ્રયત્ન કરે છે.)

કૃષ્ણ—જેવી તમારી મરજી, બતાવો ત્યારે શી રીતે તેની પરીક્ષા જોવી છે?

લક્ષ્મીજી—પહેલાં ઇંદ્ર રાજાને હુકમ કરો કે આજથી સાત દિવસ સુધી મુસળધાર વરસાદ વરસે પછી તમો કોઢીલા (રક્તથી ભરેલા) થઇને ગામની ભાગોળે જઇ બેસજો, જ્યારે તમોને જમવા સારૂ કહેવા આવે ત્યારે અનેક રીતે નાજો, કનાજો, અને જમવાને માટે અનેક રીતે બહાનાં બતાવી જમશો નહીં એટલે એની મેળે પોતાનો ટેક મૂકી દેશે.

આવાં લક્ષ્મીજીનાં વચન સાંભળી શ્રીકૃષ્ણપરમાત્માએ ઇંદ્ર રાજાને હુકમ કર્યો કે વરસાદ પુષ્કળ પડે.

કવિ— ગીતિ

હુકમ થતામાં ચઢીયો, પડીયો ત્યાંહી મેઘ તૂટી જેવે;
નાશભાગ કરે લોકો, પાણી પાણી થઇ રહ્યું તેવે.

ઇંદ્રરાજાનો હુકમ થતાંજ ગાજવીજ થવા લાગી, જેથી વરસાદ વરસવા માંડ્યો, રસ્તા પાણીથી ઉભરાવા લાગ્યા, ગામ લોકો નાસભાગ કરવા લાગ્યા, સૌ પોતપોતાના ઘરમાં ભરાઇ જવા લાગ્યા.

આ પ્રમાણે સાત દિવસ સુધી રહ્યું, જ્યારે વરસાદ પડતો બંધ થયો તે વખતે શ્રીકૃષ્ણપરમાત્માએ સાધુનું રૂપ ધારણ કર્યું; જેના શરીરમાંથી લોહી તથા પરૂ વહ્યા કરે છે, નેત્રમાંથી પાણી ઝર્યા કરે છે, ટુંકું પોતીયું જેણે પહેરેલું છે, હાથમાં કમંડળ અને બગલમાં મૃગચર્મ ધારણ કરેલું છે, એવા દીનબંધુએ ભક્તની પરીક્ષા લેવા ગામની ભાગોળે આવી મુકામ કર્યો.

અહીં અગાડી શેઠ સગાળશા રાણી ચંગાવતી તથા કુંવર ચેલૈયો કોઇ સાધુ નહીં મળવાથી સાત દિવસનાં ભૂખે ટળવળે છે.

જ્યારે ચેલૈયાથી ભુખનું દુઃખ સહન ન થઇ શક્યું ત્યારે તે પોતાની માતા પ્રત્યે કહેવા લાગ્યો.

ચેલૈયો— રાગ—લાવણી

ઓ માત ભુખનું, દુઃખ નથી સહેવાતું,
વળે આંખે અંધારાં, હવે નથી રહેવાતું;
માડી વળે ગુંચળાં, પેટમાંહી તું જોને,
હવે જીવ જાયે મુજ, દયા દીલ કાંઇ લ્યોને.
મા ફેર ચઢે મુજ, આંખે પીળું ભાળું છું,
કાંઇ દયા ધરોને, માત નાનુ કાલુ છું;
કર્યો મેઘરાજાએ કેર, પડયું બહુ વારી,
નવ રહે હવે તો, ધીર જનેતા મારી.

આજ કાલ કરતાં સાત દિવસ વહી ગયા પણ કોઇ સંત મહાત્મા મળતા નથી. હે માતુશ્રી ! ભુખથી મારો જીવ ફરે છે, આંખે અંધારાં વળે છે, હાય ! હવે કેમ થશે, હે પ્રભુ ! હે દીનાનાથ ! મારી સહાય કરો.

ચંગાવતી—ભેખરે ઉતારો રાજા—એ રાગ

ધીરજ ધરોરે કુંવર માહરા,
વહારે ચઢે વીભુ તાહરી, મારા કુમળા બાળજી,
દુઃખ કાપી સુખ આપશે, સહાય થાશે ગોપાળજી. ધીરજ.
દેહના દુઃખ દેહ ભોગવે, પરભવ કરેલાં પાપજી;
ટાળી ટળે નહી કોઇથી, પડી પટોળે છાપજી. ધીરજ.
અળગા હૃદયથી નવ કરો, સમરો મુખે મોરારજી;
વહાલોજી વેગે પધારશે, દયા ધરી દયાળજી. ધીરજ.

ભાવે ભજન કરો રામનું, રાખોઃ નિર્ભ્રાંત મનજી;
વાણી હૃદય ધરી માહરી, નવ કરો રૂદનજી. ધીરજ.

પુત્ર શાન્ત થા, પરમેશ્વરે આપણા ઉપર જે દુઃખ મૂક્યું છે તે ધીરજ રાખી સહન કર, મુખથી પરમાત્માનું ભજન કર, ગભરાઇશ નહીં, પુત્ર ગભરાઇશ નહીં, શ્રીકૃષ્ણપરમાત્મા તારી સહાય કરશે;

એમ કહી પુત્રને છાતી સરસો દાબી ચંગાવતી શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરવા લાગી.

ચંગાવતી—માયામાં મનડું મોહ્યુંરે—એ રાગ.

દાસીની વહારે ધાઓરે—જીવણજી મારા.
સેવક શાને તરસાવોરે—પુરૂષોત્તમ પ્યારા.
વહાલાજી મારા રાખી રહી તુંજ શર્ણું,
નહીં આવો પામું મર્ણું—પામુંમર્ણુંરે.—જીવણજી મારા.
વહાલાજી મારા તમે ગજેંદ્ર ઉગાર્યો,
ધરી ચક્ર ગ્રાહને માર્યો—ગ્રાહને માર્યોરે—જીવણજી મારા.
વહાલાજી મારા નરસિંહની હુંડી સ્વીકારી,
તમે બની મોટા વેપારી—મોટા વેપારીરે—જીવણજી મારા.
વહાલાજી મારા એંઠાં સવરીનાં બોર લીધાં,
આરોગી પાવન કીધાં—પાવન કીધાંરે—જીવણજી મારા.
વહાલાજી મારા મીરાંનું ઝેર અમૃત કીધું,
ચત્રુભુજ દરશન દીધું—દરશન દીધુંરે—જીવણજી મારા.
વહાલાજી મારા અબળાની આશા પૂરજો,
આવીને સંહાય કરજો—સહાય કરજોરે—જીવણજી મારા.
વહાલાજી મારા દાસીની લાજ જો જાશે,

કૃષ્ણ કપટી કહેવાશે–કપટી કહેવાશેરે—જીવણજી મારા.
વહાલાજી મારા દુઃખની વેળાએ આવો,
કાંઇ દયા અંતરે લાવો–અંતરે લાવોરે— જીવણજી મારા.
વહાલાજી મારા મેઘરાજાએ દાટ વાળ્યો,
દાસીનું દાળીદ્ર ટાળો–દાળીદ્ર ટાળોરે— જીવણજી મારા.
હે પરમાત્મા ! હે જગદીશ્વર ! હે કરૂણાસીંધુ નોધારાના આ-
આધાર, મારી સહાય કરો, પ્રભુ મારી વહારે ચઢો !

સગાળશા—વહાલી શા માટે શોક કરે છે? પરમાત્મા સૌ સારા વાનાં કરશે.

ચંગાવતી—અરેરે આપણે પેલે ભવ શું પાપ કર્યાં હશે કે આ-પણા ઉપર દૈવ કોપ્યો છે મને કાંઇ સમજણ પડતી નથી.

સગાળશા—વહાલી કર્મમાં લખ્યું હોય તે પ્રમાણેજ થયાં કરે છે. ભવિષ્યને ફેરવવા કોઇ શક્તિવાન નથી, તે ઉપર હું તને એક દૃષ્ટાંત કહું છું તે ધ્યાન દઇને સાંભળઃ—

પ્રાચીનકાળમાં પદ્માવતી નગરીને વિશે પદ્મસેન નામનો રાજા રાજ કરતો હતો, તે ઘણો બહાદુર, ચાલાક, બુદ્ધિવાન, ધાર્મિક અને રાજનીતિમાં ઘણો કુશળ હતો. એક સમયે રાજા મૃગયા રમવાને માટે ચાલી નીકળ્યો, ચાલતાં ચાલતાં ઘણે દૂર એક જંગલને વિશે આવી ચઢયો, એવામાં સૂર્ય અસ્ત થવા આવ્યો, રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે મારૂં ગામ અહીંથી બહુ દૂર છે, અંધારી રાતે રસ્તો માલૂમ પડશે નહીં માટે ચાલ પાસેના ગામમાં જઇ કોઇને ત્યાં મુકામ કરૂં. આમ વિચાર કરી તે એક ગામને વિશે ગયો અને એક બ્રાહ્મણને ત્યાં મુકામ કર્યો, રાત

વીતી ગઇ હતી, રાજા બારણા પાસે એક ખાટલામાં સુઇ રહ્યો હતો, તેવામાં પોતાની પાસે થઇને એક સ્ત્રીને જતી જોઇ રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે આવા નાના સરખા ગામડામાં આવી સ્વરૂપવાન સ્ત્રી ક્યાંથી તે કોણ હશે લાવ્ય તેની હું તજવીજ કરૂં. આ પ્રમાણે મનમાં વિચાર કરે છે એવામાં તે સ્ત્રી પાછી આવી. જેવી પોતાના ખાટલા પાસે થઇ જાય છે કે રાજાએ એકદમ ઉઠી તેનો હાથ ઝાલ્યો અને પૂછ્યું તું કોણ છું, આ ઘરમાં કેમ આવી હતી ? આવું રાજાનું બોલવું સાંભળી તે સ્ત્રી કહેવા લાગી કે હે રાજન ! હું વીધાત્રા છું, આજે આ બ્રાહ્મણને ઘેર પુત્રીનો પ્રસવ થયો છે તેના કપાળમાં લેખ લખવા આવી હતી.

રાજા—તેં શું લખ્યું ?

વીધાત્રા—તે મને કાંઇ ખબર નથી, તેતો શ્રીકૃષ્ણપરમાત્મા જાણે.

રાજા—તો તું તેમને પૂછી આવ.

વીધાત્રા—તમે મારો હાથ મુકી દો એટલે હું પૂછી આવું.

રાજા—તારો હાથ હું મુકી દઉં તો ખરો પણ પાછી ન આવે ત્યારે ?

વીધાત્રા—લ્યો મારૂં વચન છે, હું પૂછીને તરત પાછી આવીશ.

રાજાએ વીધાત્રીનો હાથ મૂકી દીધો કે એકદમ પોતે આકાશમાર્ગે ચાલી ગઇ, થોડી વાર થઇ એટલામાં તે પાછી આવી રાજા પ્રત્યે કહેવા લાગી કે 'હે રાજન' ! આ બ્રાહ્મણ બાળકીના કર્મમાં એવું લખ્યું છે કે જ્યારે તેનું લગ્ન થશે તે વખતે ચોરીમાં ચાર મંગળ વરતાયા પછી તેના પતિને એક કાળો નાગ ડંસ કરશે તેથી તે મર્ણ પામશે, અને આ બ્રાહ્મણબાળકી વિધવા થશે,

એમ કહી વીધાત્રા આકાશ માર્ગે ચાલી ગઇ.

રાજાને આખી રાત ઉંઘ ના આવી મનમાં વિચાર કરવા લાગ્યો કે હવે આ બ્રાહ્મણપુત્રને શી રીતે બચાવવો. જ્યારે રઇયતનું દુઃખ નિવારણ ન કરીયે તો પછી રાજા શાના.

આમ વિચારમાંને વિચારમાં સવાર થઇ ગયું. રાજા ઉઠી ખટકર્મથી પરવારી પોતાના ઘોડા ઉપર સ્વાર થયો, પછી બ્રાહ્મણને પાસે બોલાવી કહ્યું કે, હે બ્રમદેવ તમોએ મારી ચાકરી બરદાસ ઘણી સારી રીતે કરી છે માટે તારા ઉપર હું પ્રસન્ન થયો છું. કાલે તારે ઘેર પુત્રીની પ્રાપ્તી થઇ છે, જ્યારે એ પુત્રીનું તું લગ્ન કરે ત્યારે મને કંકોત્રી લખજે, હું તે વખતે આવી તારી આશા પૂર્ણ કરીશ.

આ પ્રમાણે કહી રાજા ત્યાંથી ચાલતો થયો.

પુત્રી દિવસે દિવસે મોટી થતી ગઇ, એમ કરતાં જ્યારે તેને દસ વર્ષ થયાં ત્યારે તેનો એક કુળવાન બ્રાહ્મણની સાથે વીવાહ કર્યો અને એક વર્ષ પછી લગ્ન લેવું નક્કી કર્યું, જ્યારે તેનું લગ્ન પાસે આવ્યું ત્યારે તે બ્રાહ્મણે પદ્મસેન રાજાને કંકોત્રી લખી પોતાના ગોરના હાથમાં આપી કહ્યું કે, આ કંકોત્રી પદ્માવતી નગરીમાં પદ્મસેન રાજાને ત્યાં જઇ પહોંચાડી આવો.

કંકોત્રી લઇ ગોર પદ્માવતી નગરીને વીશે આવી પહોંચ્યો દરબારમાં રાજા સીંહાશન ઉપર બેઠો હતો તેમના પાસે જઇ મૂકી રાજા કંકોત્રી વાંચી પોતાના પ્રધાન પ્રત્યે કહેવા લાગ્યો કે, પ્રધાનજી કાલ સવારે આ આવનાર બ્રાહ્મણની સાથે આપણે જવાનું છે માટે એક હજાર સ્વાર લઇ તૈયાર થજો.

પ્રધાન—બહુ સારૂ જેવી નામદારની આજ્ઞા.

પ્રધાનને હુકમ કરી ગોરને સાથે લઈ રાજા પોતાના મહેલે ગયો ત્યાં જઇ ગોરને માટે જમવાનો બંદોબસ્ત કર્યો, પછી પોતે જમી રંગમહેલમાં જઇ સૂઇ રહ્યો જ્યારે સવાર થયું ત્યારે રાજા ઉઠયો, દાતણ પાણી કરી નાહી પોતાના ખટકર્મથી પરવારી પ્રધાન તથા પોતાના એક હજાર ઘોડેસ્વારને સાથે લઇ ગોરની સાથે પેલા બ્રાહ્મણને ઘેર ગયો. બ્રાહ્મણ પોતાને ઘેર રાજા આવેલો જોઈ મનમાં બહુ હરખાવા લાગ્યો, જ્યારે સાંજ પડવા આવી, ચૉરીનો વખત થયો, બ્રાહ્મણે પોતાની પુત્રીને ચૉરીમાં પધરાવી તે વખતે રાજાએ ચૉરીની આગળ પાછળ પોતાના એક હજાર ઘોડેસ્વારનો પહેરો મૂકી દીધો અને એવો હુકમ કર્યો કે ચૉરીની પાસે થઈ જીવજંતુ અગર કોઈપણ માણસ જાય તો તેને ઠાર કરજો, આવો ઘોડેસ્વારોને હુકમ કરી રાજા પેલા બ્રાહ્મણ બાળક પાસે ખુલ્લી સમશેર લઈ બેઠો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે જોઉં છું હવે નાગ શી રીતે અહીં આવી શકે છે, એવામાં ચાર મંગળ વરતાઇ ચૂકયાં વરકન્યા પરણી ઊભા થવા જાય છે કે એકદમ પાસે પડેલી *છોડીઆંની ટોપલીમાંથી એક કાળો નાગ નીકળ્યો અને પેલા બ્રાહ્મણ બાળકને ડંસ કર્યો; ડંસ થતાની સાથેજ તે બ્રાહ્મણ બાળક શ્રીરામ કહી પૃથ્વી ઉપર ઢળી પડયો, મંત્ર ભણતા બ્રાહ્મણો નાશભાગ કરવા લાગ્યા, તેના સગા વહાલાં રોકકળ કરવા લાગ્યાં, રાજા પુત્રની પાસે બેઠો હતો તેણે એકદમ પોતાની સમશેર ખેંચી અને જેવો નાગને મારવા જાય છે કે તરતજ નાગને વાચા થઈ.

---

* લાકડાં છોલતાં પડે છે તે.

હે રાજન્! હું નિર્દોશ છું મને શા માટે મારે છે.

રાજા—પાપીઆ! બિચારા નિર્દોશ બ્રાહ્મણ બાળકનો તેં જીવ લીધો તો હું તને કેમ જીવતો મુકું. તારા જેવા પાપીને તો મારવોજ જોઇએ.

નાગ—હે રાજન! પહેલાં મારી વાત સાંભળ પછી જો મારો દોષ તને લાગે તો તું મને માર.

રાજા—બોલ, શી બીના છે, તે ખરેખરી કહે.

નાગ—હે રાજન! પેલા ભવમાં અમો ત્રણે જણ બ્રાહ્મણ હતા આ મરનાર મારો મોટો ભાઇ છે, અમારા માબાપ અમને બંનેને નાનાં મૂકી મરણ પામ્યા હતાં જેથી અમને અમારા કાકાએ ઉછેરી મોટા કર્યા, જ્યારે અમો બંને ભાઈ મોટી ઉમરના થયા ત્યારે અમારા કાકાએ મારા મોટાભાઈનું લગ્ન (હાલ આ બ્રાહ્મણ બાળકી છે તેની સંગાથે) કર્યું હતું. ત્યારપછી એક વર્ષ કેડે મારૂં પણ લગ્ન કર્યું હતું. મારૂં લગ્ન થયે ત્રણ દિવસ થયા હતા એટલામાં મારે મારા ભાઇ સાથે તકરાર થઇ તેથી મને ઘરમાંથી બહાર કાઢી મૂકયો આ વાતની મારા કાકાને ખબર થઇ ત્યારે મારા કાકા મને સાથે લઇ મારા ભાઇને સમજાવવા ગયા, તેમણે ઘણો સમજાવ્યો પણ તેને જરાએ માન્યું નહીં; આખરે થાકી મારા કાકા મને સાથે લઇ પોતાના ઘેર પાછા આવ્યા. મારી સ્ત્રી પણ મારી સાથે ત્યાં રહેવા આવી હતી. એક દિવસ મારી સ્ત્રીએ મને કહ્યુંકે, હે સ્વામીનાથ! આમ કાકાના ઘરમાં કયાં સુધી રહેવાય માટે તમે તમારા ભાઈ પાસે

જાઓ અને જે કાંઇ તમારા પીતાની મીલકત હોય તે વહેંચી લ્યો, એમાંથી જે આપણી પાસે આવે તે વડે વહેપાર કરી આપણું ગુજરાન નીભાવીશું.

મારી સ્ત્રીની બધી વાત મેં ખરી માની અને હું મારા ભાઈ પાસે મારા બાપની મીલકતનો ભાગ લેવા ગયો; ઘણી રકઝક થતાં તેણે આપવું કબુલ કર્યું, એટલામાં તેની સ્ત્રી આવી અને કહેવા લાગી કે અત્યારે ભાગ નહીં વહેંચાય તમારા બાપની શી મુડી છે તે આખા ગામને જણાવવી છે કેમ! ભાગ લેવો હોય તો આવજો રાતના, દિવસે કશું નહી બને. મને રાતે આવવાનું કહ્યું તેનું કારણ ફેર હતું, મને કોઇપણ બાને મારી નાખવો એવો મારી ભાભીના મનમાં વિચાર હતો પણ હું કાંઈ તેમનું કપટ સમજી શક્યો નહીં તરત ત્યાંથી પાછો વળી મારા કાકાને ઘેર ગયો, જ્યારે હું ત્યાંથી ગયો એટલે મારો ભાઈ મારી ભાભી પ્રત્યે કહેવા લાગ્યો કે હે સ્ત્રી હવે ભાઇને ભાગ આપવો પડશે માટે કેમ કરવું, હવે ના કહેવાશે નહીં. તે વખતે મારી ભાભી કહેવા લાગી,–તમે શા માટે ચીંતા કરો છો મેં બધુંએ ભાગ આપવાને ગોઠવી મૂકયું છે. મારા ભાઇએ કહ્યું શું ગોઠવી મુકયું છે તો તો કહે?

મારી ભાભી—જ્યારે રાતે તમારો ભાઈ આવે ત્યારે તેને ગમે તે બહાનું કહાડી સાથે લઈ જમવા બેસજો. હું ઝેરના લાડુ તેને માટે તૈયાર કરી મૂકું છું તે ખાશે કે તરતજ મરણ પામશે.

આવું સ્ત્રીનું બોલવું સાંભળી મારો ભાઇ કહેવા લાગ્યો કે વાહ તારી ચાલાકીને ધન્ય છે હું તે પ્રમાણેજ કરીશ. તું રસોઈ તૈયાર કરી મૂક. સાંજ પડવા આવી છે માટે તે હમણાં આવતો હશે.

આવું મારા ભાઇનું બોલવું સાંભળી મારી ભાભીએ ઝેર નાંખી લાડુ તૈયાર કરી મૂકયા જ્યારે રાત પડી ત્યારે હું ત્યાં ગયો, મારો ભાઈ મને આઘેથી આવતો જોઈ મોં મલકાવી કહેવા લાગ્યો, આવ ભાઈ તું તારો અરધનો ભાગ લે અને સુખી થા, મારે કાંઈ તારી સાથે તકરાર કરવી નથી, એમ કહી મારો હાથ ઝાલી ઘરમાં લઈ ગયો અને એક બીછાનું નાખી તે ઉપર મને બેસાડયો, એટલામાં મારી ભાભી આવી અને મારા ભાઈ પ્રત્યે કહેવા લાગી કે ચાલો રસોઈ તૈયાર થઈ છે. આ પ્રમાણે કહી તે પાછી રસોડામાં ચાલી ગઇ. મારો ભાઈ મને કહેવા લાગ્યો કે ચાલ ભાઇ પહેલા આપણે જમી લઈએ, મેં જમવાને માટે ના કહી પણ તેણે મને પરાણે જમવા ઉઠાડયો અમો બન્ને જણા જમવા બેઠા મારી ભાભીએ મારા ભાઈની થાળીમાં સારા લાડુ મૂકયા અને મારી થાળીમાં ઝેરના મૂકયા મેં કાંઇ તેમનું કપટ જાણ્યું નહીં હું જમવા લાગ્યો જમીને ઉઠયો એટલે મને આંખે અંધારા આવવા લાગ્યાં અને થોડીવારમાં તો બેભાન થઇ જમીન ઉપર પડયો મારા ભાઇએ તથા મારી ભાભીએ મને ઉચકી એક ખાટલામાં સુવાર્યો પછી થોડીવારમાં તો હું મરણ પામ્યો.

હે રાજન ! પછી મારા ભાઈ તથા મારી ભાભીનું શું થયું તે કહું છું મારા મુવા પછી ચોથે દીવસે મારી ભાભી કુવા ઉપર જળ ભરવા ગઈ કુવામાંથી જળ ખેંચતાં અકસ્માત તેમાં ઉથલી પડી અને તે ત્યાં મર્ણ પામી મારી ભાભીના મર્ણ પામ્યા પછી દસમે દીવસે મારા ભાઇને ઓચીંતો તાવ ચઢી આવ્યો અને તે પણ ચાર દીવસ તાવમાં રીબાઇ આખરે મર્ણ પામ્યો આ ભ-

નમાં મારા ભાઇએ પેલા બ્રાહ્મણને ત્યાં જન્મ લીધો અને મારી ભાભીએ આ બ્રાહ્મણને ત્યાં જન્મ લીધો. હું કમોતે મુઓ, તેથી આ ભવમાં નાગ થયો. મારા પરણ્યા પછી ત્રણ દીવસમાં મને ઝેર આપી મારી નાંખ્યો અને મારી સ્ત્રીને એકલી રડતી મૂકી તેનું વેર લેવા હું ફરતો હતો તે આજે મને લાગ મળી આવ્યો, પણ મારાથી તેની પાસે જઈ શકાયું નહીં; કારણ કે તેની આગળ પાછળ ખુલ્લી સમશેરોથી એક હજાર ઘોડેશ્વારો ફરતા હતા. મેં વિચાર કર્યો કે હવે કેમ કરવું, તેવામાં મને એક યુક્તિ સૂઝી આવી અને હું તરતજ આ બ્રાહ્મણના ઘરમાં ગયો અને આ છોડીયાંની ટોપલીમાં સંતાઇ રહ્યો. જ્યારે બ્રાહ્મણોએ ચૉરીની અંદર અગ્નિ પ્રગટાવવાને માટે છોડીયાં માગ્યાં તે વખતે આ બ્રાહ્મણસ્ત્રીએ (જેની અંદર હું સતાયો હતો) તે છોડીઆંની ટોપલી લઇ બ્રાહ્મણોને આપી, બ્રાહ્મણોએ માંહેથી ખપ જેટલાં છોડીયાં લઈ ત્યાંને ત્યાંજ રહેવા દીધી અને પોતાનું કામ શરૂ કર્યું. જ્યારે વર-કન્યા પરણી ઉઠયાં ત્યારે હું બહાર નીકળ્યો ને આ મારા પૂર્વજન્મના વેરી ભાઇને ડંસ કર્યો. જેવી મારી સ્ત્રીને રડતી મૂકી હતી તેવી રીતે મેં પણ તેની સ્ત્રીને રડતી મૂકી છે. હે રાજન્ ! તું ન્યાયી છે મને ન્યાય આપ. જો મારો વાંક તને કાંઇપણ લાગતો હોય તો તું મને માર. નહીં તો મને મારે રસ્તે જવા દે.

આવું નાગનું બોલવું સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો કે આ નાગને મારવાથી બ્રાહ્મણ બાળક કાંઈ જીવતો થવાનો નથી તો નાહક હું શા માટે તેનો જીવ લઉં: પેલે ભવ જેવું એને દુઃખ દીધું તેવું આ ભવમાં આને દુઃખ દીધું. પરભવ કરેલા પાપનો

બદલો આ ભવમાં મળ્યો માટે એમાં કાંઈ કોઇનો દોષ નથી. જે કર્મમાં લખ્યું હોય તે પ્રમાણે થયાંજ કરે છે. આવો વિચાર કરી રાજાએ મનમાં દયા લાવી નાગને જવા દીધો. વરકન્યાના માબાપને આશ્વાસન આપ્યું, બ્રાહ્મણ જાણી થોડું દ્રવ્ય આપી સંતોષ્યા પછી પોતાનો પ્રધાન તથા પોતાના માણસોને સાથે લઇ પોતાને ગામ ચાલ્યો ગયો.

માટે હે સુંદરી કર્મમાં લખ્યું તે કોઈ કાળે મિથ્યા થતું નથી, શોક કરવો તદન નકામો છે, મનમાં ધીરજ રાખી મુખથી પરમાત્માનું સ્મર્ણ કરો કે જેથી કરીને આપણું દુઃખ નીવારણ કરે.

ચંગાવતી—મને બીજું કાંઇ નથી લાગતું પણ આ મારો નિ-દોષ બાળક ચેલૈયો ભૂખથી રીબાય છે તેનું દુઃખ જોઇ મારૂં હ્રદય ચીરાય છે માટે કૃપા કરી કોઇ સાધુની ખોળ કરવા જાઓ તો ઘણું સારૂં.

ગર્ભમાં ગુણ ગોવીંદના—એ રાગ

સગાળશા—જાઉં છું વહાલી, જાઉં છું વહાલી, જાઉં છું વહાલીરે;
વહાલી હવે હાલ જાવું છું, ખોળી સંત કોઇ લાવું છુંરે;
.... વાહાલી હવે હાલ જાવુંછું.

ચંગાવતી –જાઓને વહાલા, જાઓને વહાલા, જાઓને વહાલારે;
વહાલા તમે હાલ સીધારો, ખોળી સંત વહેલા પધારોરે;
.. વહાલા તમે હાલ સીધારો.

લઇને વેલેરા આવજો, કોઇ સંત ખોળી આ સમે;
સ્વામી કહું શું ભૂખ થકી, ભૂખ થકી જીવ મારો ભમે.

સગાળશા—ધીરજ રાખો, ધીરજ રાખો, ધીરજ રાખોરે;
વહાલી તમે ધીરજ રાખો, પડે દુઃખ દેહથી સાંખોરે;
..........................વહાલી તમે ધીરજ રાખો.

ચંગાવતી—કેમ સહેવાયે, કેમ સહેવાયે, કેમ સહેવાયેરે;
વહાલા દુઃખ કેમ સહેવાયે, મન મારૂં વ્યાકુળ થાયેરે;
..........................વહાલા દુઃખ કેમ સહેવાયે.

સગાળશા—અકળાઓ શું આટલાં,
ચંગાવતી..........................જાઓ પ્રીતમ લાલ;
સગાળશા—દુઃખ આપણું ટાળશે, શ્રીકૃષ્ણ નંદનાલાલ.

શાને સોસાયે, શાને સોસાયે, શાને સોસાયેરે;
વહાલી હવે શાને સોસાયે, લખ્યું કર્મ મિથ્યા ન થાયેરે;
..........................વહાલી હવે શાને સોસાયે.

આ પ્રમાણે ચંગાવતીને આશ્વાસન આપી ચેલૈયાને સમજાવી નીશાળે મોકલી પછી સગાળશા પોતે સાધુની ખોળ કરવા નીકળ્યા.

માર્ગમાં ઠેર ઠેર પાણી ભરાઇ રહ્યું છે, જ્યાં જુએ ત્યાં કાદવ કાદવ થઇ રહ્યો છે, સગાળશા ફર્યા કરે છે, આખું ગામ ફર્યા

પણ કોઇ સાધુ નજરે દેખાયો નહીં, આખરે થાકી નિરાશ થઇ ગામની ભાગોળે જઇ એક પીંપળાના ઝાડ નીચે બેઠા અને પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યા.

સુંદીર શામળિયા—એ રાગ.

સગાળશા—હે વીભુ અન્તરએલા, આશ છે મુજને તમારી.
પ્રભુજી નંદલાલા, બાળક લેજો ઉગારી.
અરજ કરે છે દાસ તમારો, શરણ આવ્યોછું મુજને ઉગારો;
સંકટ વેળા આપ પધારો, નંદલાલ મનમાંહી વિચારો;
ભક્તિ ન ચૂકું તમારી—હે વીભુ.
નાથ દાસની વહારે ચઢજો, સંકટ મારાં સઘળાં હરજો;
રંક જાણી પ્રભુ દયાદીલ ધરજો, પાપીછું વીભુ સહાય કરજો;
મહેર કરો શ્રીમોરારી--હે વીભુ.

હે કરૂણાસીંધુ, કૃપાળુ, નોધારાના આધાર, દીનબંધુ દયાળુ, પ્રભુ ભક્તોની વહારે ચઢવાવાળા, સેવકનું દુઃખ હરવાવાળા પ્રભુ સંકટ વેળાએ કયાં ગયા. આવો દીનબંધુ આવો, જલ્દી આવો, તમારો ભક્ત દુઃખી થાય છે, જ્યારે તમો ભક્તોને સંકટ વેળાએ સહાય નહીં કરોતો બીજુ કોણ કરશે, જ્યારે તમો ભક્તોની વહારે નહીં આવો તો બીજું કોણ આવશે, શું તમે પણ નગણાજ થયા ! શું ભક્તનું પારખું જોવા માગો છો ! લાગે છે તો એમ, પણ જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી ટેક પાળવો મનથી નિર્માણ છે.

કદી ટેક મારો હું ચૂકું નહીં--ભક્તિ તમારી હું મૂકું નહીં.

ભલે પ્રાણ જાયતો બહેતર, પણ મારો ટેક નહીંજ ચૂકું.

આ પ્રમાણે વિચાર કરેછે, એવામાં સામેના ઝાડ નીચે કોઇ સાધુને બેઠેલા જોયા.

સગાળશા—અહાહા! પેલા ઝાડ હેઠેળ કોણ બેઠું છે. લાગે છે તો કોઇ સંત મહાત્મા જેવા જ, ચાલ ત્યાં જાઉં, પાસે જઇ પૂછવા લાગ્યા કે, મહારાજ આપ કોણ છો! કોઇ સાધુ છો કે સંસારી ?

સાધુરૂપે—અરે મૂરખના સરદાર તું શું દેખે છે, તારી આંખ્યોથી જોને હું સાધુ છું કે સંસારી. જેમ આવે તેમ શું બકે જાય છે, સાધુને સંસારી કહેતાં શરમ નથી આવતી. શરમ, ચાલ જા તારે રસ્તે! તારે શું કામ છે ?

સગાળશા—મહારાજ મારા બોલવામાં આપને કાંઇ ભૂલ લાગતી હોય તો ક્ષમા કરજો, માફ કરજો, હવેથી એવું ભાષણ નહીં કાઢું.

સાધુરૂપે—અહં! ત્યારે એમ શીધે શાધું બોલને! નાહકનો કોઇને રીસ ચઢે એવું શું બોલે છે. બોલ શું કામ છે? જે કામ હોય તે જલદી કહે, નહીં તો મારે સમાધીનો વખત થવા આવ્યો છે.

સગાળશા—કૃપાનાથ મારી એટલી વિનંતી છે કે આપ કૃપા કરી મારે ત્યાં.—

દાસપરે દયા લાવોરે—એ રાગ

ભોજન લેવા પધારોરે, (૨)
ગુરૂજી મારા ભોજન લેવા પધારો૦

અરજ સ્વીકારો મારી,--
દયા દીલ માહીં ધારી૦
મુજપર કરૂણા લાવો લાવોરે (૨) ગુરૂજી મારા.
સેવક તમારો કહાવ્યો,--
આપની શરણે આવ્યો૦
સંકટ હરનારા કહાવો કહાવોરે (૨) ગુરૂજી મારા.

મરાઠી સાખી.

સાધુરૂપે—અરર! એ શું મુરખ બોલે, શરમ કાંઇ ન આવે;
કોણ ગામ કોણ જાત છે તારો નામ તારૂં શું કહાવે.
લાગે મતી ફરી, વિચાર મનમાં લાવ્ય જરી-લાગે૦

અરે મુરખા એ શું બોલ્યો. કાંઇ શરમ છે શરમ, અમો સાધુ લોકો તમારા સંસારીના હાથનું કદી ભોજન લેતા હઇશું. જા, ગાંડો નહીંતો, આવ્યો તે રસ્તે ચાલ્યો જા, મારી પાસે કદી એવી વાત કરીશ નહીં. અલ્યા પણ તું જાતે કોણ છે, અને તારૂં નામ શું છે તે તો કહે?

સગાળશા—કૃપાનાથ! હું જાતે વણીક છું, અને મારૂં નામ સગાળશા છે.

સાધુરૂપે—ઓહોહો? વાહરે તારૂં નામ શું સગાળીયો, અલ્યા નામતો છે સગાળ અને મોં ઉપરથી જોતાં દેખાય છે તો દકાળ એનું શું કારણ.

સગાળશા—કૃપાનાથ મારે એવો નિયમ છે કે દરરોજ સાધુને જમાડી પછી ભોજન લેવું, પણ આજ કાલ કરતાં સાત

દિવસથી વરસાદે હેલી કરી હતી તેથી કોઇ સાધુ મળ્યો નહીં, મારે સાત દિવસના અપવાસ થયા છે, તેથી મારૂં મુખ એમ દેખાતું હશે.

સાધુરૂપે—શું સાત દિવસ અપવાસ, સાત દિવસના વાહરે ભક્તની પૂંછડી! તને કોણે ઉંચે બાંધ્યો હતો કે તારે આવું કરવું પડયું. ગાંડો નહીં તો. જા ખાઇ લે ઘેર જઇને, ના-હક ભૂખે ના મર ભૂખે. એમ કરે કાંઇ ભગવાન મળવાના નથી સમજ્યો ને.

સગાળશા—કૃપાનાથ આ શું બોલો છો, ભગતી તો ટેકની છે, ટેક વિના પરમાત્મા મળતા નથી, ઓઢાણાને ટેકથી મળ્યા છે. ભક્ત પ્રહલાદે પણ ટેકથીજ વશ કર્યા.

સાધુરૂપે—ગાંડો થઇશ ગાંડો, સાત વીશી સો અને ત્રીજે માળ નાંખી આપે એવો દેખાય છે તો ટેકને એક રહેવા દે હવે, એમ સમજ કે કોઇ સાધુ તને ન મળે અને હું પણ તારે ત્યાં જમવા ન આવું તો પછી શું કરે એની મેળે ટેક મૂકી દે.

સગાળશા—મારૂં સોનાનુ બેડું રે—એ રાગ.

મુખ વદો શું આવી વાણરે—ટેક માહરો નવ ચૂકું.
કદી પશ્ચિમ ઉગે ભાણરે—ટેક માહરો નવ ચૂકું.
પૃથ્વી જો પ્રલય થાયેરે—ટેક માહરો નવ ચૂકું.
પણ સત્ય કેમ છોડાયેરે—ટેક માહરો નવ ચૂકું.
કદી સમુદ્ર મૂકે માઝારે—ટેક માહરો નવ ચૂકું.
વળી જાય ભૂખે દીન ઝાઝારે—ટેક માહરો નવ ચૂકું.

કદી તનની જાયે ખાલરે-ટેક માણરો નવ ચૂકું.
કદી થાય માણરો કાળરે-ટેક માણરો નવ ચૂકું,

કૃપાનાથ પૃથ્વી પ્રલય થાય, પૂર્વનો સૂર્ય કદી પશ્ચિમ જાય, અન્ન વિના હાલને હાલ મારો દેહ પડે, થવાનું હોય તે થાય પણ જ્યાં સુધી આ સગાળશાના દેહમાં પ્રાણ છે ત્યાં સુધી ટેક પાળવો નિર્માણ છે.

સાધુરૂપે—સાબાશ ભક્તરાજ ધન્ય છે તને! તારા જેવા આ જગતમાં કોઇ થોડાજ હશે, હું તારા ઉપર પ્રસન્ન થયો છું, ચાલ તારે ત્યાં ભોજન લેવા આવીશ. પ...ણ

સગાળશા—પણ એ શું! જરા પણ મનમાં શંકા ન ધરશો, જે આ દાસના લાયક કામ હોય તે સુખેથી ફરમાવો.

સાધુરૂપે—વાહ ધન્યછે તને. હું તો એ કહેતો હતો કે તારે ત્યાં ભોજન લેવા તો આવું પણ કાંઈ અન્ન ખાતો નથી, બીજું જે માગું તે તું આપીશ!

સગાળશા—ભલે અન્ન ના જમશો, તે સિવાય જે માગો તે આપવાને આ તમારો દાસ હાજર છે.

સાધુરૂપે—અલ્યા સગાળીયા જા હું તો નથી આવતો, તારાથી કાંઇ માગ્યું અપાયે નહીં અને મારો દહાડો વળે પણ નહીં નાહકનો તારે ત્યાં આવી મારૂં માન ગુમાવું એના કરતાં અહીં બેસી રહી પરમાત્માનું ભજન ના કરૂં. જા મારે તો નથી આવવું.

સગાળશા—કૃપાનાથ આપ એવી ખોટી શંકા મનમાં ન ધરો,

જે માગશો તે આપવા હું હાજર છું તેમ છતાં જો આપને વિશ્વાસ ન આવતો હોય તો હું સોગન ખાઇ કહું છું કે આખી સૃષ્ટિમાં જે કાંઇ પાપ થતું હોય તે મારે માથે છે, બસ હવે વિશ્વાસ આવશે કે નહીં !

સાધુરૂપે—વાહ ભગતરાજ ધન્ય છે તને અને ધન્ય છે તારી જનેતાને! તારા જેવા વીરલા પુરૂષ કોઇકજ હશે. ચાલ હું તારી સાથે આવું છું, જરા મને ઉભો કર.

સગાળશા હાથ ઝાલી ઉભા કરવા જાયછે કે શ્રીકૃષ્ણ પરમાત્મા દુખાયાનો ઢોંગ કરી કહેવા લાગ્યા. અરરર! મરી ગયોરે બાપ: અક્કરમી આમ ઉભા કરાતું હશે, જા અહીંથી મારે તો જમવા નથી આવવું, બળ્યું તારૂં જમવાનું, કોણે મારી નાંખવો ધાર્યો છે કે શું!

સગાળશા—કૃપાનાથ શું થયું, આપ દુખાયા, માફ કરજો. ભૂલ થઇ હોય તો ચાલો હવે સાચવીને ઉભા કરીશ.

સાધુરૂપે—જોતો નથી, આંખે આંધળો થયોછે, જા હું તો નહીં આવું તારે ઘેર, મારાથી ચલાશે નહીં.

સગાળશા—તમારાથી ના ચલાય તો હું મારા ખભા ઉપર બેસાડી લઇ જાઉં, પછી છે કાંઇ. આ સેવકના ઉપર ક્રોધ ન કરશો, હું તો પામર છું.

સાધુરૂપે—વાહ ભગતરાજ વાહ, તારો ટેક જોઇ લીધો; ચાલ હવે આવું છું. પણ હળવેથી બેસાડજે હોં! જોજે પાછો દુખાડતો.

સગાળશા—નહીં દુખાડું મહારાજ,

એમ કહી શ્રીકૃષ્ણપરમાત્માને ખભા ઉપર સાચવીને બેસાડયા.

કવિ--- **મરાઠી સાખી.**

ખભે બેસાડી સંતને ચાલ્યા, આવિયા છે નિજ ધામ;
ચંગાવતિ જોઇ હર્ષજ પામી, સંતને કરિયા પ્રણામ.
ધન્ય અમારૂં ભાગ્ય, આપે ધર્યાં મુજ મંદીરે પાગ-ધન્ય.

ચંગાવતી સાધુને જોઇ હર્ષ પામી આસન નાખી બેસાડયા, ઘરમાં જઇ ઉંનુ પાણી લાવી મહારાજને નહવરાવ્યા. પૂજા કરી, આરતી ઉતારી અને પગ ધોઇ ચરણામૃત લીધું. મનમાં હરખાતી હરખાતી ભોજનનો થાળ ભરી સાધુના આગળ મૂકયો.

સાધુરૂપે---અલ્યા સગાળીયા શું આવું ભોજન કરાવવા અહીં લાવ્યો છે, કાંઈ તારી અક્કલ ખશી ગઇ છે કે શું, મેં પહેલેથીજ કહ્યું હતું કે મારે તો અન્નની બાધા છે.

સગાળશા---મહારાજ અન્નની બાધા હોય તો માગો બીજું કાંઇ, શી ઇચ્છા છે, તમો જે જમતા હોય તે ભોજન કરાવું, શું બરફી મંગાવું, પેંડા મંગાવું, શું મંગાવું?

સાધુરૂપે-અક્કલ ગઇછે અક્કલ, હું કોઇ દિવસ એવું જમતો નથી.

સગાળશા---ત્યારે તો મહારાજ આપ કહો તો મને સમજણ પડે, બોલો મહારાજ શું જોઇએ?

સાધુરૂપે---જો તારે જમાડવાની સંપૂર્ણ મરજી હોય તો સાંભળ, અમો માંસ સિવાય બીજો અહાર કોઇ દિવસ કરતા નથી.

સગાળશા—અરર મહારાજ, એ શું માગ્યું, સાધુને આવો આહાર કરવો વ્યાજબી છે?

સાધુરૂપે—ના આપવું હોય તો ના કહી દે, એટલે થયું હું મારે રસ્તે ચાલ્યો જાઉં. મેં પહેલેથીજ કહ્યું હતું કે તારાથી આપી શકાશેજ નહીં. બોલ્ય શું કહે છે? મને ખોટી ન કર.

સગાળશા—ભલે મહારાજ આપની ખુશી, હું તે પણ લાવી આપવાને તૈયાર છું.

ચંગાવતી—સ્વામીનાથ આતો સાધુ છે કે કોઇ રાક્ષસ આપણી પાસે આવી નીચી માગણી કરે છે.

સગાળશા—વહાલી એવું ભાષણ કેમ કાઢો છો, સાધુ રીસાઇ જશે. જો તે અહીંથી ચાલ્યા જાય તો ખોટું કહેવાય, આપણો ટેક જાય. ભલે ચહાય તે માગે, આપણે આપવુંજ પડે. ના ન કહેવાય.

ચંગાવતી—સ્વામીનાથ, બીજું કાંઇ નહીં ને માંસ. અરર તેને આપણાથી અડકાય કેમ અને તે લેવા પણ જવાય કેમ.

સાધુરૂપે—અલ્યા સગાળિયા! કેમ ખોટી કરે છે, ના જમાડવું હોય તો ના કહી દે, શાની છાની છાની વાતો કર્યાં કરે છે, મારી પાસે આવીને બોલ, એટલે હું સાંભળું તો ખરો.

સગાળશા—કાંઇ નહીં કૃપાનાથ, હું જાઉં છું અને માંસ લાવી આપની આગળ હાજર કરૂં છું. આપ નીશ્ચિંતથી બિરાજો.

કવિ— **મરાઠી સાખી.**

સંતાતા છુપાતા, કસાઇવાડેથી, માંસ લઇ ઘર આવ્યા.

ચંગાવતીએ રસોઇ સુધારી, પ્રભુની પાસે લાવ્યા.

ચંગાવતી--જમો સંત મહારાજ, થાઓ મન થકી નવ નારાજ--જમો.

સાધુરૂપે--અલ્યા સગાળિયા આ શું લાવ્યો, કાંઇ તારામાં અક્કલ છે કે બળી ગઇ, શું મશ્કરી કરવા અહીં લાવ્યો હઇશ કેમ, (એમ કહી શ્રીકૃષ્ણપરમાત્માએ ત્યાંથી ચાલવા માંડ્યું.)

સગાળશા--પ્રભુ! વળી શું છે, શું વાંધો પડ્યો, આપના કહેવા પ્રમાણે આપની આગળ રજુ કર્યું છેને.

સાધુરૂપે--શું રજુ કર્યું, તારા બાપનું કપાળ, મેં તને કોઇ જનાવરનું માંસ લાવવા કહ્યું હતું કે તું લઇ આવ્યો, અમે તો જનાવરના માંસનો આહાર કોઇ દિવસ કરતા નથી, કોઇ માણસની માટી જોઇએ, માણસની.

સગાળશા સાધુનું આવું બોલવું સાંભળીને ચંગાવતી પ્રત્યે કહેવા લાગ્યા કે હે વહાલી હવે શું થશે, અરેરે! આપણે આંગણે આવ્યો અતીથી પાછો જશે, હે પરમાત્મા, હે વિશ્વંભર માહારી વહારે ચઢો.

રાગ માઢ.

વેગે આવો દીન દયાળરે, તમે ચઢજો મહારી વહાર.
વહારે ધાજો વીઠલારે, ભક્તની કરવા સહાય;
જો નહીં આવો મોહન મારા, નીશ્ચે પાડું હું કાયરે--તમે.
સંકટ આવ્યું શીર ઉપરે, વહેલા પધારો નાથ;
દાસનું દળદળ દૂર કરવાને, આવીને ઝાલો હાથ--તમે.

ભૂરૂં પડે નહી સંતજ કેરૂં, માગ્યું ન હુંથી અપાય;
સાણુસા મધ્યે સર્પની માફક, મારે થયું છે આંધારે—તમે.
પેટ કટારી મારી કાઢું હું, નિશ્ચય મારા પ્રાણ;
ભોજન દેવા સંતને માટે શાને લગાડું હું વારરે-તમે.

વહાલી લાવ્ય કટાર મારા પેટમાં મારી આ સાધુની સેવામાં મારૂં માંસ અર્પણ કરૂં (સાધુ તરફ ફરીને) લ્યો મહારાજ !

કવિ—

મરાઠી સાખી.

પેટ કટારી મારેછે જેવે, પ્રભુએ પકડ્યા હાથ.
ઢોંગ મચાવા આશો માંડ્યો, મળીને એઉ સાથ.

સાધુરૂપે—હવે જમાડ્યું તેં નવ અપાય તો મુખથી ના કહું-હતે.

આ શું કરે છે, શાનો ઢોંગ મચાવે છે, નાહકનો તારો જીવ શા માટે ગુમાવે છે, તારૂં માંસ મારા કામમાં નહી આવે. કારણ કે તું તો વૃદ્ધ છે, મારે તો કોઇ જુવાન બાળકની માટી જોઇએ. તે તારાથી આપી શકાય તેમ નથી અને તે તને મળવાની પણ નથી. માટે એમજ કહેને કે જાઓ મહારાજ મારાથી તમારી મનકામના પૂર્ણ નહીં થાય એટલે બસ, હું મારા રસ્તે ચાલ્યો જાઉં.

આવું શ્રીકૃષ્ણુપરમાત્માનું વચન સાંભળી ચંગાવતી બોલી ઉઠી:—સ્વામીનાથ જરાએ ગભરાશો નહીં, ધીરજ રાખો મારી પાસે સાધુને ભોજન આપવા માટે હજી એક સાધન છે.

સગાળશા—લાવ્ય વહાલી ! શું છે તારી પાસે જલ્દી કહે,
આપણે સાધુને અર્પણ કરી દઇએ.

ચગાવતી— સાખી.

મુજ બાળને વધેરીને, ભોજન કરાવા સતને;
ગભરાશો નહી સ્વામી તમે, નીશ્ચીંત રાખો મનને.

સ્વામીનાથ જે આપણો પુત્ર ચેલૈયો છે તેને મારી તેનું માંસ સાધુને અર્પણ કરો.

સગાળશા—અરેરે એવું કેમ થાય! નીર્દોશ બાળનો ઘાત કેમ કરાય! વહાલી પરમાત્માના ગુન્હેગાર બનીયે.

ચંગાવતી—સ્વામીનાથ તે સિવાય આપણો બીજો કશો ઉપાય નથી, પુત્રને મારો અને તેનું માંસ સાધુને અર્પણ કરો, વહાલા મારૂં કહેવું માનો, સ્વામીનાથ માનો.

ગિતી.

સગાળશા—અરરર એવુ શું વદો છે, નીર્દોશ બાળકનો ઘાત કેમ થાયે;
સૂજ પડે નહી મુજને, આવી કરજો દીનાનાથ સહાયે.

અરરર! કાંઇ નહીં ને પુત્રનોજ ઘાત! તે વળી શું આપણાજ હાથે. હે પરમાત્મા! હવે તો લાજ રાખવી તારાજ હાથમાં છે.

ચંગાવતી—વહાલા શું વિચાર કરો છો વિચાર કરવાનો હવે રહ્યો નથી. પહેલા પુત્રને મારી સાધુને તૃપ્ત કરો, પછી સાધુ આપણા ઘેરથી જાય કે આપણે બન્ને જણ પેટમાં કટાર મારી મરણ પામવું, એજ ઉપાય. બીજો કશો ઉપાય નથી.

સગાળશા—વાહ શાણી વાહ ધન્ય છે તને અને ધન્ય છે તારા ટેકને! જા તારે ચેલૈયાને નીશાળેથી તેડી આવ્ય સંતમહાત્મા ખોટી થાય છે.

સાધુરૂપે—અલ્યા સગાળીયા શું વિચાર કરેછે, મનમાં મુઝાય છે શું કરવા, મુખેથી એમ કહેને કે મહારાજ તમોને મારાથી નહીં જમાડી શકાય એટલે બસ. હું મારે રસ્તે અને તું તારે રસ્તે. નાહકનો ખોટી શું કરવા કરે છે.

ચંગાવતી—મહારાજ ઉતવળા ન થશો, હું હાલને હાલ જાઉંછું અને મારો પુત્ર ચેલૈયો નામે છે તેને તેડી લાવી તેનું માંસ આપને અર્પણ કરૂંછું.

સાધુરૂપે—બહુ સારૂ, ત્યારે જા ઉતાવળ કરજે. વહેલી આવજે હોં, મોડું કરતી નહીં. નારાયણ! નારાયણ!!

(આ પ્રમાણે કહી ચંગાવતી પુત્રને નિશાળેથી તેડવા જાય છે તે પહેલાં તો શ્રીકૃષ્ણપરમાત્મા બીજું બ્રાહ્મણનું રૂપ ધારણ કરી જ્યાં ચેલૈયો ભણવા ગયો હતો ત્યાં જઇ પહોંચ્યા, અને મહેતાજીને કહેવા લાગ્યા કે ભાઇ ક્યાં છે ચેલૈયો.)

મહેતાજી—કેમ તેનું શું કામ છે?

બ્રાહ્મણરૂપે—અરે શું કામ છે શું પૂછો છો, ધરબોળ ધાલ્યું છે, તેના માબાપે કોઇ જોગી બામટો તેને ઘેર આવ્યો છે તેણે મંતરજંતરવતી બન્ને જણને ગાંડા બનાવી દીધા છે ગાંડા.

મહેતાજી—અરે તે બામટાએ એવું શું કર્યુંછે કે તમો અહીં સુધી કહેવા આવ્યા છો.

બ્રાહ્મણરૂપે—ભાઇ એ વાણીઓ છુમંતરથી આંધળો થયો છે, પણ તેની જોડે હું કાંઇ આંધળો થયોછું.

મહેતાજી—પણ છે શું, મને કહોતો ખરા, આમ ગભરાઓ છો કેમ.

બ્રાહ્મણરૂપે—ભાઇ ગભરાવાજ જેવું છે. અરેરે! હે પરમાત્મા! આતો ગજબ થવા બેઠો છે, કાંઇ નહીં ને પોતાનાજ બાળકનું ખુન.

ચંદ્ર વખત શો આવીઓ—એ રાગ.

હાંરે કેવો દુનિયાનો ન્યાય છે, ભોળા સૌ લૂંટાય છે૦
કહ્યું મુખે ન જાય, કેમ આવું સહેવાય,
થવા બેઠો અન્યાય, દગાબાજી તે ગાજી ગવાયછે. હાંરે,
કેવું ચાલે અંધેર, શેઠ શગાળને ઘેર;
થવા બેઠોછે કેર, ત્યાં પાપીના પગલાં પુંજાય છે હાંરે,
આતો ગજબ કહેવાય, દ્રષ્ટે જોયું ન જાય,
અંધ થઇ ફસાય, રાંક બિચારા ઢોંગે ધીબાયછે-હાંરે,
કોઇ જોગી અવધુત, આવ્યો રખડતો ભૂત.
જાણે કાળો જમદુત, માંસ ચેલૈયાનું ખાવા ચહાયછે—હાંરે,

ભાઇ શું કહું કરમ મારૂં અને ચેલૈયાનું સાલો કોઇ ભામટો આવ્યોછે તે કહેછે કે મારે તો તારા પુત્રનું માંસ ખાવું છે પણ પેલો અબુજ વાણીયો કાંઇ સમજતો નથી શાનો સમજે એ આવનાર ભામટાએ કાંઇ છુમંતર કર્યું હોયતે પણ આતો મેં રસ્તે જતાં સાંભળ્યું તેથી હું દયાની ખાતર અહીં સુધી કહેવા આવ્યોછું

માહેતાજી—બહુ સારૂં થયું મહારાજ કહેવા આવ્યા તો હું હાલને હાલ ચેલૈયાને ગમે ત્યાં નસાડી મૂકું છું

(અલ્યા ચેલૈયા આમ આવ, સાંભળ્યું આ માહારાજે કહ્યું તે જો તારા ઘેર કોઇ ભામટો આવ્યો છે તેને તારો બાપ,

તથા તારી માતા તને મારીને તારૂં માંસ એ બામટાને આપવા વિચાર કરે છે માટે તું ગમે ત્યાં અહીંથી નાશી જા, નહીં તો તારી માતા આવી તને પકડીને લઇ જશે.

ચેલૈયો—શું ગુરૂજી આ ખરી વાત છે. જો ખરૂં હોય તો મારા જેવો કોઈ ભાગ્યશાળી નહીં કે મારૂં માંસ કોઇ મહાત્માના મુખમાં જાય. હે પરમાત્મા ! માતા પીતાની સેવા બજાવવા તેં મને ખરેખરો વખત આપ્યો છે !

મહેતાજી—અલ્યા ગાંડા ! શું મરવાનો ખરો વખત આવ્યો છે, હજુ તું બાળક છે, એટલે તને બરોબર સમજણ નથી.

ચેલૈયો—ગુરૂજી, આપ ખરૂં કહો છો. હું બાળક છું, અણસમજુ છું, તે બધું ખરૂં; પણ જેણે માતા પીતાની સેવા બજાવી નથી, જેણે વડીલની આજ્ઞા પાળી નથી તેના જીવતરને ધિક્કાર છે અને તે મુવા પછી નર્કનો અધિકારી થાય છે. ગુરૂજી ! આ દેહ શા કામની છે ? આખરે અગ્નિમાં બળી જશે અને માટીમાં મળી જશે, તો પછી આ દેહ કોઇ સાધુ સંતના મુખમાં જાય તો મારા જેવો કોઇ ભાગ્યશાળી ન કહેવાય. વાહ પ્રભુ ! વાહ ! ચાલ નિશાળેથી જાઉં અને માતાપીતાને જઇ શીશ નમાવું. ગુરૂજી મને રજા આપો.

કવિ— રાગ—પીલુ.

ગુરૂજી મારા શીશ નમાવું, આપ ચરણનો હું દાસ કહાવું—ગુરૂજી,
રજામાગું ઘેર જાવાને, વહેલો મળું જઇ માતપીતાને—ગુરૂજી.

કરૂણાસીંધુ આશરો મારે, આપ વિના કોણ પાર ઉતારે—ગુરૂજી.
આશીશ આપો સત્વર જાઉં, માત પીતાની સેવા બજાવું—ગુરૂજી.
વૃદ્ધ વડીલની જો આજ્ઞા પાળું, ભવસાગર તરી સ્વર્ગે સીધારૂં—ગુરૂજી.

ગુરૂજી હું રજા લઇશ. અને અહીંથી જઇ મારી દેહ સાધુને અર્પણ કરીશ. ગુરૂજી મને રજા આપો.

મહેતાજી—જા ભાઇ, ત્યારે હું ક્યાં ના કહુંછું, ન માને તો તું જાણે.

ચેલૈયો ગુરૂજીની રજા લઇ સાત પ્રદક્ષણા કરી હાથ જોડી પગે લાગ્યો પછી ત્યાંથી ઉતાવળો ઉતાવળો મનમાં હર્ષ પામતો ચાલી નીકળ્યો.

ગીતી.

આશીષ ગુરૂની લઇને, ઉતાવળથી ઘર ભણી જાયે;
માતા મળી તવ સામી, મળવા પુત્રને ધસમસી ધાયે.

ચંગાવતી પુત્રને દેખતાંજ દોડતી આવી ને છાતી સરસો દાબી રૂદન કરવા લાગી.

ચેલૈયો—માતાજી શું કરવા રૂદન કરો છો, છાનાં રહો અને સુખેથી મારી દેહ આ સાધુની સેવામાં અર્પણ કરો. મને ઉછેરીને મોટો કરવાવાળી જનેતાએ તું છે ને મારવાવાળી જનેતાએ તું છે, મને મારવાથી શોક કરશો નહીં, મારા મુવા કેડે દુઃખ ધરશો નહીં, માતા મોત તો સર્વના કર્મે લખેલું છે

તે કદી મિથ્યા થવાનું નથી. કોઇ આજે, કોઇ દસે પંદરે કે પચાસે, મોત તો દરેકના માથે નિર્માણ કરેલું છે તો માતાજી શોક કરવો શા કામનો; રોશો નહીં, છાનાં રહો, તમારાં અશ્રુ જોઇ મારૂં પણ હૈયું ભરાઇ આવે છે.

ચંગાવતી—અરેરે પુત્ર ! તું શું બોલે છે, મારા લાડકવાયા તારો ઘાત તારી પાપીણી માતાના હાથથીજ થવાનો ! અરેરે ! એતે કેમ બને !!

ચેલૈયો— **રાગ-લલીત.**

અરર માતરે આમ શું કરો, અરજ માહરી મન વિશે ધરો.
વિલંબ થાય છે માત આ સમે, કર અસી ધરી સંહારો મા મને.
સૃષ્ટિ જો કદી પ્રલય થાયરે, ટેક માવડી નવ ચૂકાયરે;
રૂદન નવ કરો માત માહરી, કષ્ટ નવ ધરો મનમાં જરી.
મોત કોઇને મુકતું નથી, વીસારજો મને માત મન થકી;

ચેલૈયાનું આ પ્રમાણે બોલવું સાંભળી ચંગાવતી કહેવા લાગી:—

ચંગાવતી— **રાગ ઉપરનો.**

અરર બાળરે શું જીભે કહું, મુખ જોઇને વિસ્મ થઇ રહું
હીંમત નવ રહે હાય માહરી, જોઇને હવે કાન્તી તાહરી.
પુત્ર તુજ વિના નવ રહેવાયરે, દીનદયાળ તું કરજે સહાયરે.
પાપ પૂર્વનું આવી તો નડ્યું, નસીબ માહરૂં હાય ફૂટિયું.

કાળ દઇ અમે બાળ તારાજીરા, કરૂં સંહાર હું હાથે મારાજીરા.

ચેલૈયો--માતાજી એમાં કાળ શાના ! ક્યાંથી એવું મારૂં ધન્ય-ભાગ્ય કે માતા પીતાની સમક્ષ મારો દેહ આ સાધુની સેવામાં અર્પણ થાય, માતાજી રોશો નહી અને આવી ઉત્તમ તક મળી ખોશો નહીં હાથમાં કટાર લ્યો. અને ટેકની ખાતર મારી દેહમાં ભોંકી દયો. ન ગભરાશો માતા; ન ગભરાશો ! વીલંબ થાય છે અને આંગણે આવ્યો અતિથી ખોટી થાય છે

રૂદન કરતી અને આંખમાંથી અશ્રુ સારતી ચંગાવતી ધ્રુજતા હાથમાં કટાર પકડી પુત્રને ખોળામાં સુવારી પરમાત્માની સ્તુતિ કરવા લાગી

ચંગાવતી—રે રઢીઆળા રઘુવીર–એ રાગ.

હે કરૂણાસીંધુ વિશ્વપતી વ્હેલા વહારજો,
સંકટ હરવા વેગે વ્હેલા પધારજોરે;
રે દીનબંધુ નંદ જશોદા કાનજો,
લઉં છું બાળના ટેકની ખાતર પ્રાણજોરે.—
કુમળાં વેણ વધેરોને, તૃપ્ત કરૂં છું સંત;
ત્રીભુવનપતિ પત રાખવા, વેગે વળો ભગવંત.
હે જગનાયક દાશીનું કષ્ટ નીવારજો,
ખોળે સોપું બાળને આપ સંભાળજોરે.—

હે પરમાત્મા! હે દીનબંધુ! હું ટેકની ખાતર મારા નીર્દોષ બાળકનો ઘાત કરૂં છું અને તેનું માંસ સાધુની સેવામાં અર્પણ કરૂં છું તેમાં જો કાંઇ મારો તને દોષ લાગતો હોય તો ક્ષમા કરજે, માફી આપજે, હે જગદીશ્વર લેજે ખોળે!!

એમ કહી જેવી પુત્રના પેટમાં કટાર મારવા જાય છે કે એકદમ ભગવાને ઉઠી તેનો હાથ પકડ્યો.

કૃષ્ણ— **મરાઠી સાખી.**

ધમાધમ તેં આશી માંડી છે, નાહક ઢોંગ મચાવે;
પુત્ર વધેરતાં શોક દર્શાવ્યો, મુજ ખપમાં નવ આવે.
તુજ પુત્રનું માંસ, આરોગાવે શું થઈ નીરાશ.—તુજ.

આ શું કરે છે, શાના ઢોંગ મચાવે છે, આવી રીતે કરીશ તો મારે તેનું માંસ કામમાં નહીં આવે.

સગાળશા—કૃપાનાથ વળી શું છે, આપના કહેવા પ્રમાણે હાજર કરૂંછુંને.

કૃષ્ણ—શું કપાળ મારૂં ને તારૂં હાજર કરે છે, શું આ સાધુને જમાડવાનાં લક્ષણ છે, નાહકનો ચાળા શું કરવા કરે છે, ના કહેવું હોય તો ના કહી દે એટલે થયું. હું મારે રસ્તે ચાલતો થાઉં.

સગાળશા—કૃપાનાથ મારો કાંઇ દોષ લાગતો હોય તો માફ કરજો, હું કાંઇ ભૂલતો હોઉંતો મને કૃપા કરી બતાવશો.

કૃષ્ણ—શું બતાવું. કાંઇ બાળક છે, અજ્ઞાન છે, તુંજ વિચારી જોને કે સાધુને જમાડતાં હરખ હોય કે શોક; આતો બન્ને જણ મળી રોવા બેઠાં. જો તમો રોશો તો એનું માંસ મારા કામમાં નહીં આવે.

સગાળશા—કૃપાનાથ આપ કહો તે પ્રમાણે અમો કરીયે, પછી છે કાંઇ.

કૃષ્ણ—જો સાંભળ ત્યારે.—

મરાઠી સાખી.

આભૂષણ અંગ ધરી સુશોભિત, મુખે મંગળ ગીત ગાઓ;
જીવતો ખાંડો પુત્ર ખાંયણીએ, આંખે અશ્રુ નવ લાવો.
કદી રોશો તમો, ચાલ્યા જઇશું તર્ત અમો.—કદી.

તારી સ્ત્રીના અંગ ઉપર સુંદીર સાડી અને સારાં સારાં ઘરેણાં પહેરાવ અને તું પણ સુંદીર વસ્ત્રો ધારણ કર, મુખ હરખાતું રાખી મંગળ ગીત ગાતાં જાઓ અને પુત્રને જીવતો ને જીવતો ખાંયણીઆમાં નાંખી ખાંડતા જાઓ, જો એકપણ આંખમાંથી આંસુ પડયું કે હું તરત અહીંથી ઉઠી ચાલતો થઇશ.

સગાળશા—સારૂ કૃપાનાથ.

એમ કહી સગાળશા તથા ચંગાવતીએ સુંદીર વસ્ત્રો અંગ ઉપર ધારણ કરી પુત્રને જીવતો ને જીવતો ખાંયણીઆમાં નાંખી

ખાંડવા માંડયો, મુખેથી મંગળ ગીતો ગાવા માંડયા, પુત્રને ખાંડી તેની રસોઈ બનાવી સાધુના આગળ થાળ ધરી. જમો મહારાજ.

કૃષ્ણ—અલ્યા સગાળીયા આ શું નખોદ વાળ્યું. હવે મને યાદ આવ્યું હો ! અલ્યા તું તો હવે વાંઝીયો થયો કહેવાય. મે ભૂલ કરી. રામ રામ તારા ઘરનું મારે ન ખપે. અક્કલના ખાન જ્યારે તારે એકનો એક પુત્ર હતો ત્યારે તેં મને પહેલેથીજ કેમ ન કહ્યું. શું તારી અક્કલ બળી ગઇ હતી, એ તો જમાડયું તેં, ચાલ ભાઇ ચાલ એમ કહી શ્રીકૃષ્ણપરમાત્માએ ત્યાંથી ઉઠી ચાલવા માંડયું.

ચંગાવતી—પ્રભુ ભૂખ્યા શા માટે જાઓ છે ?

રાગ—ભૈરવ.

ભુખ્યા નવ જાશો સંત તમે, સંત તમે મુજને ન ગમે—ભુખ્યા.
પ્રસન્ન કરૂં પ્રભુ ભોજન આપી જો જાઓ તો મુજ જીવ ભમે-ભુખ્યા.
પાંચ માસનો ગર્ભ છે મારે, પ્રત્યક્ષ દેખાડું આજ હવે—ભુખ્યા.
બળતાને નાહક સીદ બાળો, આ દાસી તુજ પાય નમે--ભુખ્યા.
સદ્‌ગુરૂ મારા ક્રોધ ન કરશો, માફ કરો ગુનો દાસ અમે-ભુખ્યા.
કૃપાદષ્ટિથી દાસ નીહાળો, હાથ ઝાલો પ્રભુ દુઃખ સમે—ભુખ્યા.

મહારાજ નાહક શું કરવા કનડો છો, અમો વાંઝીયા નથી થયાં, હજુ મારા ઉદરમાં પાંચ માસનો ગર્ભ છે, જો આપ કહો તો મારૂં પેટ ચીરીને હું તમોને બતાવું.

કૃષ્ણ—આ શું બોલતી હશે શું ન્હાનાં બાળક સમજાવે છે, એમ કાંઈ સમજાવે વળવાનું નથી. તારા મનને કે આવું અવળું સમજાવી સાધુને જમાડીયે પણ હું કદી એમ માનવાનો નથી.

ચંગાવતી—લ્યો કૃપાનાથ ત્યારે.

કવી— **મરાઠી સાખી.**

કટાર પેટમાં મારે છે જેવે, પ્રભુએ પકડ્યા હાથ;
શંખ ચક્ર ગદા પદ્મ ધરીને, પ્રગટિયા દીનાનાથ.
માગ્ય પ્રસન આજ, આપું માગે કદી સ્વર્ગનું રાજ—માગ્ય.

કૃષ્ણ—શાબાશ ! ભક્તરાજ શાબાશ ! મહા સતી ચંગાવતી તને પણ ધન્ય છે કે પુત્રનો ઘાત કરી પોતે મરતાં સુધી પણ પોતાનો ટેક ન ચૂક્યો. માગ્ય, ભક્તરાજ માગ્ય. મારા વહાલા ભક્ત માગ્ય, હું તારા ઉપર પ્રસન્ન છું.

સગાળશા—મહારાજ શું માગું, મારે કાંઇ નથી માગવું. માગવામાં એજ કે તમારી ભિક્ત આપો.

કૃષ્ણ—તથાસ્તુ.

(ચંગાવતી તરફ ફરીને) ચંગાવતી તું માગ્ય.

ચંગાવતી—કૃપાનાથ મારે પણ કાંઈ નથી માગવું મને પણ તમારી ભક્તિજ આપો.

કૃષ્ણ—તથાસ્તુ.

ધન્ય છે ભક્તરાજ! ધન્ય છે તને અને તારી સ્ત્રી ચંગાવતીને! અનેક ભક્તો થયા હશે અને થશે પણ તારા જેવો ભક્ત તો જવલેજ થશે.

શ્રીકૃષ્ણપરમાત્માએ ચેલૈયાને સજીવન કર્યો,—ચેલૈયા ઉઠ અને તારા માતા પીતાને મળ.

ચેલૈયો આળસ મરડી બેઠો થયો અને શ્રીકૃષ્ણપરમાત્માને મસ્તક નમાવ્યું, પ્રભુ મારો મુનસાદેહ આજ સફળ થયો.

શ્રીકૃષ્ણપરમાત્માએ માથે હાથ મૂક્યો.

પોતાના માતાપીતાને મસ્તક નમાવ્યું. હે મારાં તીર્થરૂપી માતા પીતા! હું તમોને પ્રણામ કરૂં છું. ચંગાવતી પુત્રને છાતી સરસો દાબી કહેવા લાગી,—દીકરા ધન્ય છે તને! ભાઈ પુત્ર હજો તો તારા જેવાજ હજો! પુત્ર હું તને જોઇને ઘણીજ હર્ષ પામું છું!

કૃષ્ણ—ભક્તરાજ હું રજા માગું છું.

થયાછોરે પતી તેજ પ્યારી—એ રાગ.

રજા મા...ગું મુજ પ્રાણથી પ્યારા, ભક્ત હૈયાના હાર.

સગાળશા—પાસે લા...ગું પ્રભુ દીનદયાળ, ભક્ત વહાર ચઢનાર,
જમવા પધાર્યા મુજ મંદીરે, નવ જાવા દઉં આજ;

સોર નામું, દુઃખ વામું, સુખ પામું,
કેશવ કરૂણાસાગર મારા, પ્રાણતણા આધાર. પા૦.

કૃષ્ણ—પ્રસન્ન થયો જોઈ ટેક તમારો, મન પામે આરામ;
ભાગ્ય આપું, કર સ્થાપું, દુઃખ કાપું;
દાસ થઈ રહું હરનીસ તારો, વચન નહીં ફરનાર. ર૦જા.

સગાળશા—કર જોડીને કરૂં વીનતી, સેવકના પ્રતીપાળ;
ગુણ ગાવું, વારી જાવું, સત્ય કહાવું,
લીધા ભોજન વીણ જાઓ તો નક્કી, પ્રાણ અહીં
તજનાર. પાયે.

મહારાજ મારે ઘેર જમવા પધાર્યા છો તો હવે જમીનેજ જાઓ, હું તમને એમને એમ તો નહીં જાવા દઉં.

કૃષ્ણ—ભક્તરાજ જેવી તમારી મરજી.

ચંગાવતીએ રસોઈ તૈયાર કરી થાળ ભરી લક્ષ્મીનારાયણને ધરાવ્યો.

સગાળશા—ચંગા—મુખડાની માયા—એ રાગ.

ભોજનીયાં લ્યોને ભાવેરે, મોહન મારા.
ગુંજાં ધારી સકરપારા, પેંડા બરફી અતી સારા;
હું જમાડું હેતે વહાલારે, મોહન મારા. ભોજનીયાં૦

શીખંડ બાસુદી કીધી, ચારોળી માંહી મુકી દીધી;
સાથે પુરી પણ કીધીરે, મોહન મારા. ભોજનીયાં૦
શાક અતી સારાં કરિયાં, ઝાઝા તેલ માંહી તળિયાં;
મસાલા પણ તેમાં મળિયારે, મોહન મારા. ભોજનીયાં૦
જોયે તેવું પાણી બાળી, કઢીને ઉકાળી સારી;
દાળ મગની વઘારીરે, મોહન મારા. ભોજનીયાં૦
કમોદનો ભાત કીધો, કેસરિયો સાથે લીધો;
ઘીનો દોરો ઉપર દીધોરે, મોહન મારા. ભોજનીયાં૦
ગંગાજળે ભરી ઝારી, પાન કપુરી ને સોપારી;
ઇલાયચી ને વળીયારીરે, મોહન મારા. ભોજનીયાં૦
જુગતેથી જમો વહાલા, જાયા જસોદાના લાલા;
ગુણ ગાયે **અમૃત** તારારે, મોહન મારા. ભોજનીયાં૦

કૃષ્ણ—કેમ લક્ષ્મીજી જોયું, મને તમારા કરતાં ભક્ત વિશેષ વહાલા ખરા કે નહીં ?

લક્ષ્મીજી—હા કૃપાનાથ ! શું એનો ટેક અને શું એની ભક્તિ ધન્ય છે તેને અને ધન્ય છે તેની ભક્તિને.

ભોજન આરોગી શ્રીકૃષ્ણપરમાત્મા તથા લક્ષ્મીજી સગાળશાની રજા માગી અંતરધ્યાન થયાં.

સગાળશા ઘણો વખત ભક્તિ કરી ટેક સંપૂર્ણ રીતે પાળી આખરે સ્વર્ગને વિશે ગયા.—

બોલો શ્રી ભક્તવત્સલ ભગવાનકી જય.

કવી— દસરથ નંદન, કંસ નીકંદન;
કલેશ કુસંપ હરતા.
કરૂંછું વંદન, પ્રભુ ભીડભંજન;
ભક્ત વહાર ચઢતા.
સંપતિ સુખ દીયો,
પ્રભુ મુજ અર્જ મન લીયો (૨)
કરો પાપ નીકંદન, જગદાનંદન;
શાન્તી સકળ કરતા.

ભક્ત આધીન હે ભૂધરા, પૂરો સૌના કોડ;
અમૃત કહે સૌ બોલજો, જયજય શ્રી રણછોડ.

સમાપ્ત

શુદ્ધિપત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૦	૧૧	સાહાય	સાહાયજ
૩૦	૨	કરાવા	કરાવો
,,	૧૨	એવું શું વદો છો,	એ શું વદો છો,
,,	,,	બાળકનો	બાળનો
૩૨	૪	ભોળા સૌ કુટાય છે	ભોળા સૌ ભરમે કુટાય છે
૩૩	૧૯	કવિ	ચેંગૈ

આરતી.

જયદેવ જયદેવ.
જય અંતરયામી, પ્રભુ જય જગના સ્વામી;—પ્રભુ.
આરતી તારી ઉચરીયે, શીષ અમો નામી. જય૦
કુંડલ કર્ણ વીશાળ, શોભે અતી સારાં;—પ્રભુ.
મોર મુગટ પીતાંબર, દીસે રૂપાળાં. જય૦
ગળે મોતીની માળ, બાજુબંધ હાથે;—પ્રભુ.
હબચીયે હીરો ઝળકે, બઉંસી ધરી નાથે. જય૦
ડાકોર મધે દેવ, રણછોડ છોગાળા;—પ્રભુ.
ભક્તી ન ચુકું તમારી, પ્રભુજી નંદલાલા. જય૦
સેવકના પ્રતીપાળ, દાસ કીંકર જાણી;—પ્રભુ.
ભવ દરીયે હું મુંઝાણો, લેજો ઉગારી. જય૦
અલબેલાજી આશા, મુજને છે તારી;—પ્રભુ.
અમૃત બહુ હરખાયે, મનમાંહે ભારી. જય૦
આરતી પ્રભુની હેતે, જે કોઇ ગાશે;—પ્રભુ.
ભવ બંધનથી છુટી, વૈકુંઠે જાશે. જય૦

વ્યભિચારી પુરૂષોને શીખામણ.

દેખા નહીં કછુ સાર—એ રાગ.

ખોટી પ્રીત કરનાર, સમજ અંધ ખોટી પ્રીત કરનાર;
વીશવેલીમેં લપટો ન યારો, કહત હું વારંવાર;
....................કહત હું વારંવાર—સમજ અંધ
હાવભાવ કર તુજશે બોલે, ખોટા કરકે પ્યાર;
મત કરના પ્રીતી પર નારી, હીત અપના હરનાર.
..................હીત અપના હરનાર—સમજ અંધ.
મુખસે બોલે કોઈ નહીં મેરા, તું મેરા દીલદાર;
પન નહીં અપની જુઠી રંડા, ઔરસે દેતી પ્યાર.
...................ઔરસે દેતી પ્યાર—સમજ અંધ.
પહેલે દામ દુસરા પુરૂષારથ, રૂપ રંગ ઔર પ્યાર;
સભી અપના નીકલ ગયા, તબ ચલે જાયગી નાર.
................તબ ચલે જાયગી નાર—સમજ અંધ.
મેરી મેરી કરતા હરનીશ, તેરી નહીં તલભાર;
અખીયાંમેં ઝુઠ્ઠી ડાલકર, દુસરેકુ કરતી યાર.
....................દુસરેકુ કરતી યાર—સમજ અંધ.

અજબ તમાસા દુનીયા તેરા, પામે નહી કોઈ પાર;
અમૃતકી તુમ શીખ માનો તબ, તર જાઓ સંસાર.
...............તબ તર જાઓ સંસાર—સમજ અંધ.

સુંદર સામળીયા—એ રાગ.

મિત્રો પરનારી, દેખો કરતી ખુવારી;
દ્વેષકી અંગારી, પાપણી બીસકી બા'રી;
રાવણ રાજ ગયે પરનારી, નજર અપની સીતાપે ડારી;
રામે આકે સબ લંકા પ્રજાળી, મનસે તુમ લેના બીચારી;
નારી લોહેકી કટારી .... મિત્રો.
ખોટે પ્યારસે તુજકો ભજતી, મનમેં બુરા પ્રપંચ સજતી;
જુઠા બચન ઓ દેકે ફગતી, દુસરેસે ઓ રહેગી ટગતી;
કામી દુઃખ હય ભારી.................................મિત્રો.

કયસે બાલ બીખરે હય—એ રાગ.

બુરા હય ઇશ્કકા ફંદા, હોતે કયું દેખતે અંધા;
મોહ મત દેખ તન ગોરા, જગતમેં જીવના થોરા.
પાપકી' ખાણ પરનારી, દેખલો ચસ્મસેં ભાળી—બુરા.
ભમરકુ કમલસે પ્રીત હોતા, ઇશ્કમેં જાન જબી ખોતા;

કોઇ દીન અયસા આવેગા, તેરેકુ ફોલકે ખાવેગા—ચુરા.
દેખલો રંડીકી યારી, ઇસ્કમેં દુઃખ હય ભારી;
અપના હીર સબ લેતી, પીછેસે બીખ ઓ દેતી—ચુરા.
અધર્મી જાતકી રંડા, ઉસીકા ઇસ્ક હય ગંદા;
અમૃત કહેતે હય પ્યારો, રંડીકા મત બનો યારો.—ચુરા.

પ્યારી વાતો મધુરી કરો—એ રાગ.

પ્રીત કરો ન કોઇ પરનારસે, દૂર રહના અક્કલ હુશીયારસે;
કામી પાગલ બનાદયગી પ્યારસે, જબ પ્રીતી હુઇ પરનારસે.
ધર્મ સજના, બીષય તજના;
છોડો મનસેં કુછંદ ખબડદારસે—હેજી છોડો. પ્રીત૦
મીત્રો મારેગી બીષય કટારસે, દેખ લીયો અંતરકા બીચારસે;
ખુશ હોતેં મૂઢમતી નીહાળકે, ધ્યાન ધરતે અક્કલકો બીસારકે.
પર દીલદારી, કરે ખુવારી;
પરનારી હત્યારી મારે પ્યારસે—હેજી પરનારી. પ્રીત૦

